ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૫૮ ટકા

# અડચણરૂપ વાહનપાર્કિંગ પર ટ્રાફીક પોલીસની લાલ આંખ



## આડેધડ પાર્ક થયેલા વાહનોની ટોઈંગ ઝુંબેશ યથાવત

### ઘ-૫, રીલાયન્સ ચોકડી, સરગાસણ ચોકડી, વૈષ્ણોદેવી સર્કલ અને સે-૧૧ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ પાસેથી બે દિવસમાં ૧૯૦ વાહનો ટોઈંગ : ૨૫ હજારનો દંડ વસુલાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરમાં અડચણરૂપ વાહન પાર્કિંગ સદંતર બંધ કરાવવા જિલ્લા પોલીસ અધિક્ષકની કડક સુચનાથી ટ્રાફીક પોલીસે લાલ આંખ કરી છે. આડેધડ પાર્ક થયલા વાહનોની ટોઈંગ ઝુંબેશ સઘન બનાવવામાં આવી છે ત્યારે બે દિવસમાં ઘ-૫, સે-૧૧, વૈષ્ણોદેવી સર્કલ, રીલાયન્સ ચોકડી અને સરગાસણ ચોકડી આસપાસથી અડચણરૂપ પાર્ક થયેલા ૧૯૦ વાહનોને ટોઈંગ કરી લેવાયા છે. જયારે રૂ. ૨૫ હજારની દંડની રકમ વસુલવામાં આવી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સુચનાથી જિલ્લા ટ્રાફીક પી.આઈ. બી.જે. વ્યાસ તથા તેમની ટીમે ટ્રાફીકને અડચણ ઉભી કરતા લારી ગલ્લા હટાવી હવે આડેધડ વાહન પાર્ક કરતા વાહનચાલકો પર ઘોંસ બોલાવી છે. ગઈ કાલે ટ્રાફીક પોલીસે સે-૧૬, ઘ-૫, સે-૧૧ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ આસપાસ અને સરગાસણ ચોકડી પાસેથી ૯૫ વાહનો ટોઈંગ કરીને ૧૨ હજારનો દંડ વસુલ્યો છે. જયારે આજે વૈષ્ણોદેવી સર્કલ, રીલાયન્સ ચોકડી, ઘ-૫ અને સે-૧૧ આસપાસથી અડચણરૂપ પાર્ક થયેલા ૯૫ વાહનો ટોઈંગ કર્યા હતા જયારે ૧૩ હજાર રૂપિયાનો દંડ વસુલ્યો હતો. બે જ દિવસમાં ટોઈંગ ક્રેઈનો દોડતી રાખીને ટ્રાફીક પોલીસ દ્વારા ૧૯૦ વાહનો ટોઈંગ કરી રૂ. ૨૫ હજારનો દંડ વસુલાત કર્યો હોવાનું ટ્રાફીક પી.આઈ. બી.જે. વ્યાસે જણાવ્યું છે. આ ઝુંબેશ હજુ યથાવત રહેશે તેમ તેમણે ઉમેર્યું છે.



## લોહાણા યુવા સંગઠનની વાર્ષિક સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠનની વાર્ષિક સામાન્ય સભા આગામી તા. ૧૫ ઓગસ્ટને બુધવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે જલારામ મંદિર સે-૨૯ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. લોહાણા યુવા સંગઠનના સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.



ગાંધીનગર શહેરના ઘ-૫ થી સે-૧૭-૨૨ પાસે એક મહિલાનું એકટીવા સ્લીપ થઈ જતાં મહિલાને હાથે પગે ઈજાઓ પહોંચી હતી. ત્યારે તાત્કાલીક મહિલાને હાજર ટ્રાફીક પોલીસના કર્મચારીઓએ તાત્કાલીક રીક્ષામાં બેસાડી ખાનગી દવાખાને લઈ ગયા હતા અને સારવાર અપાવી હતી અને તેમના પરિવારને જાણ કરી હતી. ત્યારે પોલીસની પ્રશંસનીય કામગીરીને નાગરીકોએ બિરદાવી હતી.

## આજથી વાવોલના સિધ્ધનાથ મહાદેવ મંદિરે શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના વાવોલ ખાતે સિધ્ધનાથ મહાદેવના મંદિરે પવિત્ર શ્રાવણ માસના પ્રાંરભે શિવ મહાપુરાણ કથા જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિવ મહાપુરાણ કથાનો પ્રાંરભ તા. ૧૨મી ઓગસ્ટ શ્રાવણ સુદ-૧ થી થઈ રહ્યો છે જે દરરોજ બપોરે ૩.૧૫ કલાકથી ૬.૧૫ કલાક દરમિયાન યોજાશે. શિવ મહાપુરાણકથાનું સમાપન તા. ૧૮મી ઓગસ્ટે થશે. શિવમહાપુરાણના કથા વકતા શિવ ઉપાસક તપોધન બાપુની વ્યાસપીઠે યોજાનાર છે. જેમની વાણીનો લાભ લેવા સર્વે ધાર્મિક જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સુરમધુર કલાવૃંદે આફ્રિકામાં ગુજરાતી લોકનૃત્યોની રમઝટ જમાવી





ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા 'સુરમધુર'ના કલાકારોએ આફ્રિકાના મોઝામ્બિક અને તાન્ઝાનિયા જેવા દેશોમાં ગુજરાતી પરંપરાગત લોકનૃત્યોની રમઝટ બોલાવી આફ્રિકાવાસી ગુજરાતીઓને વતનની યાદથી તરબોળ કરી મુકયા હતા. તા. ૨૭મી જુલાઈથી ૩જી ઓગસ્ટ દરમિયાન ચાલેલા તેમના પ્રવાસમાં સુરમધુરના માત્ર ૧૦ કલાકારોની ટીમે સતત સવા કલાકના નોનસ્ટોપ લોકનૃત્યની વિવિધ પહેરવેશ સાથેની કૃતિઓ રજૂ કરી આફ્રિકન પ્રજાને પણ અચંબિત કરી દીધી હતી. સુરમધુરે ગરબા, ગરબી, ટપ્પણી, દાંડિયા-રાસ, હુડો જવા નૃત્યો રજુ કર્યા હતા.

હાઈકમીશના મોઝામ્બિક, હાઈકમીશન તાન્ઝાનિયા, ભારત સંઘ માપુટો, આર્ટ એન્ડ કલ્ચરલ સેન્ટર ઓફ ઈન્ડિયા દા રે સલામ, કોમ્યુનીદા દે હિન્દુ માપુટો, કલાકેન્દ્ર આરુઆ વગેરે દ્વારા વિશેષ આયોજિત અને નવી દિલ્હીના આઈસીસીઆર દ્વારા પ્રયોજિત આ કાર્યક્રમોમાં અનેક ગુજરાતી, બિન ગુજરાતી ભારતીયો, આફ્રિકાવાસીઓ તથા વિવિધ ૫૦ દેશોના રાજદૂતો અને મહેમાનોએ આ કાર્યક્રમને માણીને વખાણ્યો હતો અને આ કાર્યક્રમથી પ્રભાવિત થઈને હાઈ કમીશનની કચેરીઓ દ્વારા તેમની વેબસાઈટમાં સંસ્થાના વખાણ કરવામાં આવ્યા હતા. આ પ્રવાસ માટે સુરમધુરની પસંદગી કરવા બદલ સંસ્થાએ ભારત સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.

# આખરે જીએમઈઆરએસના સીઈઓ નિમાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તબિબિ અધિક્ષકને ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીના સીઈઓ તરીકે નિમણુંક આપી છે. હાલ તબિબિ અધિક્ષક એક કરતા વધારે જવાબદારી સંભાળતા હોવાથી સિવિલની કામગીરીના વિલંબ થઈ રહ્યો છે. ત્યારે પાટનગરની મેડીકલ કોલેજ અને સિવિલના મોટાભાગના હોદ્દાઓ ચાર્જમાં ચાલી રહ્યા છે. ત્યારે તબિબિ અધિક્ષકને વધુ એક મોટી જવાબદારી મળતા દર્દીઓની આરોગ્યલક્ષી સમસ્યાઓનું નિરાકરણ ઝડપી આવશે કે કેમ તે જોવું રહ્યું.

સરકાર દ્વારા રાજયમાં નાગરીકોને સારામાં સારી આરોગ્યલક્ષી સારવાર આપવામાં આવે છે તેવો પ્રચાર-પ્રસાર જોરશોરથી કરવામાં આવે છે. પરંતુ સમગ્ર રાજયનો વહીવટ જયાંથી થાય છે તે પાટનગરની સિવિલ હોસ્પિટલમાં તબિબિ અધિક્ષકની જગ્યાને કાયમી નિમણુંક આરોગ્ય વિભાગ દ્વારા આપી શકાઈ નથી. છેલ્લા ત્રણ વર્ષથી તબિબિ અધિક્ષકની જગ્યા ચાર્જમાં ચાલી રહી છે. સિવિલના તબિબિ અધિક્ષક પાસે ગાયનેક વિભાગના એચઓડી, સિવિલના સમારકામને અનુલક્ષી પીઆઈયુ વિભાગની જવાબદારી, જીએમઈઆરએસના ડે. સીઈઓનો ચાર્જ તેમની પાસે હતો. તબિબિ અધિક્ષક વધુ જવાબદારીઓના ભારણ વચ્ચે સિવિલમાં વધુ સમય ફાળવી ન શકતા કામગીરીમાં વિલંબ જોવા મળી રહ્યો હતો. સિવિલની સમસ્યાનું નિરાકરણ આવતું નહતું ત્યારે જીએમઈઆરએસના સીઈઓ તરીકે ચાર્જ આપવામાં આવતા સિવિલની જવાબદારી કેવી રીતે નિભાવશે તેવી ચર્ચાઓ સિવિલ કેમ્પસમાં સાંભળવા મળી રહી છે.

# વાવોલ-ઉવારસદ ફોરલેન માર્ગના ફિનિશીંગ કાર્યમાં મંથરગતિ જોખમરૂપ...!!

### લાંબા સમયથી ચાલતા કામમાં હજુ કાયમી કે હંગામી રિફ્લેકટર્સ ના લગાડાયાં હોવાથી જીવલેણ અકસ્માતનું જોખમ : સતત ૨૪ કલાક ભારે વાહનોની અવરજવરના કારણે રાત્રિના સમયે નાના વાહનચાલકો માટે કફોડી સ્થિતિ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના 'ક' માર્ગને વાવોલ-ઉવારસદ થઈને એસ.જી. હાઈવે સાથે જોડતો માર્ગ ફોરલેન બનાવી દેવાયો છે.જો કે આ તદન નવા નક્કોર ફોરલેન માર્ગ પર ફિનીશીંગ કાર્ય અત્યંત મંથર ગતિએ ચાલતું હોવાથી આ માર્ગ રાત્રિના સમયે સલામતી બાબતે જોખમી બન્યો છે અને જીવલેણ અકસ્માત સર્જાવાની શકયતા જણાઈ રહી છે.

વાવોલ-ઉવારસદ માર્ગ ગાંધીનગરની જીઆઈડીસીને એસજી હાઈવેથી જોડતો માર્ગ છે અને આ માર્ગ પરથી ભારે લોડીંગ વાહનોની ૨૪ કલાક સતત અવરજવર રહે છે. વળી આ માર્ગ શહેરના ક રોડ તથા ગ રોડ તરફના સેકટરવાસીઓ માટે પોતાનું વાહન લઈને પશ્ચિમ અમદાવાદ તરફ જવાના શોર્ટકટ તરીકે પણ એટલો જ ઉપયોગમાં લેવાય છે. આ માર્ગ રાંધેજા-પેથાપુર, વિજાપુર, માણસા, ગોજારિયા, વિસનગર તરફથી આવતા ભારે વાહનો માટે બાયપાસ માર્ગ તરીકે ફાળવવામાં આવ્યો છે આ કારણે 'ક' રોડ થઈને સઘળો ટ્રાફિક આ માર્ગ પરથી પસાર થતો હોવાથી ટ્રાફિકનું ભારણ વધી જવા પામ્યું છે. સતત દિવસ રાત ધમધમતા આ માર્ગ પર ટ્રાફિકનું ભારણ વધતા તેને ફોરલેન માર્ગમાં પરિવર્તિત કરવામાં આવ્યો છે જે માટે અંદાજે છેલ્લા દોઢેક વર્ષથી કામગીરી ચાલી રહી છે અને હવે આ માર્ગ પૂર્ણતાના આરે છે. આમ તો આ રોડનું બાંધકામ અને સરફેસીંગ વગેરે કાર્ય તો કયારનુંય પતી ગયું છે છતાં હજુ પણ આ માર્ગ પર દિશાસૂચક બોર્ડ તો ઠીક પરંતુ ડિવાઈડર્સ કે બંને બાજુએ રિફલેકટર્સ લગાડવાનું કાર્ય આરંભાયું નથી. વળી, આ માર્ગ પર હજુ પણ ડિવાઈડર્સ લગાવવાનું કામ પત્યું નથી જે ઘણા સમયથી ચાલી રહ્યું છે. રોડના ફિનિશીંગ કાર્યમા જોખમી બેદરકારી સાથેનો વિલંબ આ માર્ગ પર જીવલેણ અકસ્માતની શકયતા સર્જી રહ્યો છે.

અત્યારે ચોમાસાની ઋતુ ચાલી રહી છે તેમાં નવા રોડની બંને સાઈડે માટીનું પુરાણ વરસાદી પાણી ભરાય તો બેસી જઈ શકે છે. આ માર્ગ પર બંને તરફ ચેતવણી દર્શક સફેદ પટ્ટા નથી દોરાયા કે કોઈ પ્રકારના રીફલેકટર્સ પણ નથી લાગ્યાં. જેને કારણે વાહનચાલક સામેથી આવતા ટ્રક જેવા ભારે વાહનની હેડ લાઈટથી અંજાઈ જો પોતાનું વાહના સાઈડમાં દબાવવા જાય તો જોખમી અકસ્માત સર્જાઈ શકે છે. આજ રીતે રોડ વચ્ચે જયાં 'કટ' હોય અને ફરી ડિવાઈડર્સ ચાલુ થતું હોય ત્યાં પણ કોઈ રિફલેકટર્સ ના હોવાથી ડીવાઈડર્સ માટેના ખાડામાં વાહનચાલક ફસાઈ શકે છે. આ માર્ગ પર ટ્રક, ટ્રેલર્સ અને કન્ટેનર્સ જેવા ભારે વાહનોની અવરજવર વધુ રહેતી હોવાથી નાના કારચાલકો તેમજ ટુ-વ્હીલર ચાલકોના માથે મોટું જોખમ તોળાઈ રહ્યું છે. તેથી સત્વરે આ માર્ગ પર રિફલેકટર્સ લગાડવાનું કામ કરાય તેવી આ વિસ્તારના વાહનચાલકોમાં માંગ ઉઠવા પામી છે.



### કટ-ડિવાઈડર્સ પર હંગામી રિફલેકટર્સની તાતી જરુર

વાવોલથી બનાવાયેલ નવા બાયપાસને જોડતા ત્રણ રસ્તા ઉપરાંત એસજી હાઈવે તરફથી આવતા ઉવારસદથી વાવોલ તરફ વળતા ડિવાઈડર્સ લગાડવા માટે રોડ વચ્ચે જે ખાડા કરાયેલા છે ત્યાં હંગામી રિફલેકટર્સની તાતી જરુર જણાય છે. આજ રીતે ઉવારસદ સ્મશાન પાસેના નાના ચાર રસ્તા પર પણ રાત્રે અકસ્માત સર્જાય તેવી પરિસ્થિતિ જણાય છે.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા શ્રાવણ માસમાં રૂદ્રપુજા

ગાંધીનગર, તા.૧૧

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા બેંગ્લોરથી પધારનાર સ્વામીજીના નેતૃત્વ સાથે પંડિતગણ દ્વારા સામુહિક રૂદ્રપુજાનું ગાંધીનગરમાં મેઘમલ્હાર કોમ્પ્લેક્ષમાં આઠમા માળે, સે-૧૧ ખાતે તા. ૧૫મી ઓગસ્ટે સવારે સાતથી દશ વાગ્યા સુધી આયોજન કરવામાં આવ્યું છે તો આ પૂજા પાઠમાં ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહી સહભાગી અને લાભાન્વિત થવા આર્ટ ઓફ લીવીંગ પરિવાર ગાંધીનગર દ્વારા આમંત્રણ છે. આ અંગે પૂજા પાઠના સંકલ્પ માટે સુરેશભાઈ પરમાર ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## શ્રી અરવિંદનો ૧૪૭મો જન્મદિન ૧૫મી ઓગસ્ટે ઉજવાશે

ગાંધીનગર, તા.૧૧

૧૫મી ઓગસ્ટના રોજ શ્રી અરવિંદના ૧૪૭મા જન્મદિન પ્રસંગેશ્રી અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ખાતે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૯.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન વાંચન, ધ્યાન, પ્રાર્થના તથા પ્રાસંગિક ઉદબોધન તથા સાંજે ૫ થી ૭.૩૦ કલાક દરમિયાન કેન્દ્રમાં ચાલતી વિવિધ સાંસ્કૃતિક પ્રવત્તિ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજાશે. જેમાં નૃત્ય સંચાલન ગાર્ગી ઠકકર, જયદીપા રાજગુરુ, નિરાલી પઢિયાર તથા સંગીત સંચાલન પીનાકીનભાઈ વ્યાસ કરશે તેમ ચેરમેન ડૉ. સી.કે. તન્નાએ જણાવ્યું છે.

## ઝુંડાલની એક બાંધકામ સાઈટ પર શ્રમિકનું શંકાસ્પદ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

અડાલજ પાસે આવેલા ઝુંડાલ ગામની સીમમાં ચાલતી દિવાન ઈન્ફીનીટી નામની બાંધકામ સાઈટ ઉપરથી આજે સવારે એક યુવાન શ્રમિકનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ યુવાનનો મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી શ્રમિકના મૃત્યુનું કારણ બહાર લાવવા અડાલજ પોલીસે કવાયત શરુ કરી છે.

ઝુંડાલ ગામની સીમમાં ચાલતી દિવાન ઈન્ફીનીટી બાંધકામ સાઈટ પર મુળ બિછુવાડા રાજસ્થાનનો ૨૧ વર્ષીય શ્રમિક યુવાન સંતોષ ભવાનીશંકર શેઠનો આજે સવારે મૃતદેહ મળી આવ્યો હતો. આજે અમાસ હોવાથી સાઈટ પર કોઈ શ્રમિક હાજર ન હતાં. કોઈ કામ પણ ચાલુ ન હતું. આ શ્રમિય યુવાને ઉપરથી પડતું મુકીને આપઘાત કર્યો કે તેની હત્યા થઈ કે અકસ્માતે તેનું મૃત્યુ થયું તે બાબત હજુ રહસ્યમય છે. અડાલજ પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની બારીકાઈથી તપાસ શરુ કરી છે. પોલીસે એફએસએલ ટીમની પણ મદદ લીધી છે.

## ઉમિયા સમાજભવન ખાતે રાખી મેલાને પ્રોત્સાહક પ્રતિસાદ



ગાંધીનગરની પ્રિટી વુમન્સ કલબ દ્વારા સેકટર-૧૨માં ઉમિયા સમાજ ભવન ખાતે 'રાખી મેલા'નું આયોજન કરવામાં આવ્યું છે. જેને પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આ રાખી મેલામાં અંદાજે ૬૦ જેટલા સ્ટોલ્સ પર રક્ષાબંધનને અનુલક્ષીને વિવિધ ડિઝાઈન્સની રાખડીઓ ઉપરાંત હેન્ડમેડ જવેલરી, ઈન્ડો વેસ્ટર્ન વેર, ડિઝાઈનર ડ્રેસીસ, સાડીઓ, વુડનક્રાફ્ટ, પેઈન્ટિંગ્સ, ડિઝાઈનર રંગોલી, કિચનવેર વગેરે ચીજવસ્તુઓનું વેચાણ કરાઈ રહ્યું છે. આ ઉપરાંત રાખીમેલામાં લકી ડ્રો તથા સેલ્ફી બુથ જેવા પણ આકર્ષણો ઉમેરવામાં આવ્યા છે. પ્રિટી વુમન્સ કલબનો હેતુ મહિલાઓના આર્થિક વિકાસ થકી તેમને આત્મનિર્ભર બનવામાં મદદરૂપ થવાનો છે. રાખી મેલાની અંદાજે ૨ હજારથી વધુ મુલાકાતીઓ મુલાકાત લઈ ચુકયા છે અને મુલાકાતીઓના ધસારાને જોઈ આયોજક શિલ્પા દેસાઈ તથા દક્ષા જાદવે રાખી મેલાને રાત્રે ૯ વાગ્યા સુધી ખુલ્લો રાખવાનો નિર્ણય લીધો છે.

## @ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે શ્રાવણ સુદ-૧ના રોજ વાલના હિંડોળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે અંગુર કાજુકલાના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● જય ભગવાન માનવ સેવાગ્રામ ટ્રસ્ટ દ્વારા સાવન ભાદોના હિંડોળા સાંજે ૫ થી ૯ કલાક દરમિયાન પંચદેવ મંદિર, સે-૨૨ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ આરાધના પૂજાપાઠ રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન મહેશભાઈ પી. પુરોહિત પ્લોટ નં. ૬૬૬/૧ કિસાનનગર સે-૨૬ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૩ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિવંદના નરેન્દ્ર વ્યાસ પ્લોટ નં. ૩૩૬/૩ આલેખ ફલેટ, સે-૨૩ ખાતે યોજાશે.

● જલારામ મહિલા મંડળ દ્વારા વાર્ષિક બેઠક બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● લેકાવાડાના પુલ છેડે આવેલ વૈભવ લક્ષ્મી માતાજીના મંદિર ખાતે સવારે ૯ થી ૧૧ કલાકે નિઃશુલ્ક લક્ષ્મી યંત્રનું વિતરણ કરાશે અને સાંજે ૪ થી ૬ કલાકે ગ્રીન કિતાબ આધારીત એસ્ટ્રો ફેસ્ટ યોજાશે.

● કુંભેશ્વર મહાદેવ કોબા ખાતે ૯ કલાકે લઘુરુદ્ર યોજાશે.

● ગાંધીનગર સાહિત્ય સભાની માસિક સભા સાંજે ૫.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા શિવ આરાધના પુજા પ્લોટ નં. ૬૬૬/૧ કિસાનનગર મહેશભાઈ પુરોહિતના ઘરે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા ૧૫મી ઓગષ્ટને અનુલક્ષી ગ્રુપ દ્વારા રંગોળીથી ધ્વજ બનાવવાની પ્રવૃત્તિ, વૃક્ષોને ફુલોથી સુશોભિત કરવા, બાળકો દેશભકિતના ગીતો ગાશે તેમજ દેશ પ્રત્યે મારી ફરજ અને સ્વચ્છતા વિશે ચર્ચાનો કાર્યક્રમ આજે સાંજે ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન સે-૭, સુવિધા કચેરી પાસે, બગીચા ખાતે યોજાશે.

## બલરામ મંદિર સે-૧૨ ખાતે નિઃશુલ્ક નિયમિત યોગ-કલાસ

ગાંધીનગર, તા. ૧૧

પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા બલરામ મંદિર પરિસર, ઉમિયા માતા મંદિર સામે, સે. ૧૨ ગાંધીનગર ખાતે તા. ૧ ઓગષ્ટ-૨૦૧૮થી રોજ સવારે ૫.૧૫ થી ૭.૦૦ દરમિયાન નિઃશુલ્ક નિયમિત યોગકલાસનું આયોજન કરવામાં આવ્યું છે, અને યોગકલાસ ચાલુ થઈ ગયેલ છે. રજિસ્ટ્રેશન માટે ૯૯૨૪૧ ૪૪૭૪૭, ૯૮૨૪૬ ૪૪૩૧૪ ઉપર સંપર્ક કરવો. યોગાચાર્ય કાનજીભાઈ બાવરી દ્વારા મોટાપા, ડાયાબિટિશ, કમરદર્દ, થાઈરોઈડ જેવા રોગોનો કાયમી ઉપાય યોગ, આયુર્વેદ, એક્યુપ્રેશર અને નેચરોપેથીનું નિઃશુલ્ક પ્રશિક્ષણ આપવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. બકાજી ચંદુજી ઠાકોર, ઉ.વ. ૨૬
- સ્વ. બળદેવજી અલુજી ઠાકોર, ઉ.વ. ૬૦
- સ્વ. કેશરબેન ધનજીભાઈ સેનમા, ઉ.વ. ૫૫
- સ્વ. શાંતાબા તખુજી ભાટી, ઉ.વ. ૭૨
- સ્વ. ડાહ્યાજી રામસંગજી ઠાકોર, ઉ.વ. ૯૦
- સ્વ. બાવનજી કાનજીભાઈ બાણફોડીયા, ઉ.વ. ૭૭